# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

## દયા આવે તો દર્શન દેજો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બાળમિત્રો ! આપણે સૌ ભગવાનની ભક્તિ કરીએ છીએ, ભજન કરીએ છીએ, પ્રાર્થના કરીએ છીએ એ વાત સાચી પરંતુ ભગવાન એ સાંભળે ક્યારે ? જ્યારે હૃદયનો સાચો પુકાર હોય. એ કેવો હોય ? એ આ પ્રસંગ ઉપરથી આપણને શીખવા મળશે.

જ્યારે સંતોને સ્વામિનારાયણ ભગવાને મનાઈ કરેલી કોઈએ અમારા દર્શને નહી આવવાનું. આ આજ્ઞાથી સંતો બહુ દુઃખી થઈ ગયા. ખુલ્લા આકાશ નીચે રહેવામાં સંતોને દુઃખ નહોતું. ભલે ઠંડી પડતી હોય, કાચા લોટને પાણીમાં પલાળીને એનો લીંબુ જેવડો ગોળો વાળી એવો એક જ ગોળો દિવસમાં એક જ વાર ઉદરમાં ઉતારી દેવામાં સંતોને દુઃખ નહોતું. આવી મોટી કઠિનાઈઓ સંતને કાંઈ નડતી નહોતી પણ એક વાત ભારે ખૂંચતી હતી. મહારાજનાં દર્શન ન થાય તે વાત કાંટાની જેમ ખૂંચતી હતી.

મુંઝાયેલા સંતોએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે સ્વામી ! તમે કાંઈક ઉપાય કરો. દર્શન થાય એટલી છૂટ અપાવો, બીજું કાંઈ નહીં. બ્રહ્માનંદ સ્વામી વિચાર કરે છે, આ બધા સંતોને આટલું બધુ દુઃખ છે, મને પણ છે. દર્શનની મનાઈ તો મને પણ છે. સ્વામીએ હા પાડી. સંતો રાજી થયા. મોટા વકીલ કેસ હાથમાં લે એટલે એમ થાય કે હાશ ! જીતી જઈશું. બ્રહ્માનંદ સ્વામીએ કેસ હાથમાં લીધો.

બ્રહ્માનંદ સ્વામીએ એક ચિઠ્ઠી લખીને તૈયાર કરી છે. હવે એ મહારાજને આપવા કોણ જાય ! ગઢપુરની નજીકની વાડીમાં એક ચૌદ-પંદર વર્ષનો છોકરો કોશ ચલાવતો હતો. સ્વામીએ જોયું. સ્વામી કહે છે, ''જો બાળક ! એક કામ કરીશ ?'' શું કામ છે ? આ ચિઠ્ઠી સ્વામિનારાયણ ભગવાનને આપવાની છે. તને ખબર છે ને આ ગઢડા ગામમાં દાદા ખાચરનો દરબાર છે. એમાં સ્વામિનારાયણ ભગવાન રહે છે. છોકરો કહે, ''એ મને ખબર છે પણ ચિઠ્ઠી આપવા ન જાઉં.'' કેમ ? ''મારે બીજો વાંધો નથી, હું આપવા જાઉં તો મારૂં આ કોશ ચલાવવાનું કામ બંધ થઈ જાય.'' સ્વામી કહે છે, ''કોશ હું ચાલવીશ તું ચિઠ્ઠી આપી આવ.'' પછી બ્રહ્માનંદ સ્વામીએ કોશ ચલાવી બતાવ્યો એટલે છોકરો ચિઠ્ઠી આપવા જવા માટે તૈયાર થયો.

મહારાજ જ્યાં બિરાજતા હતા ત્યાં આ બાળક ચિઠ્ઠી લઈને પહોંચી જાય છે. ત્યાં જઈને કહ્યું કે - ''કોઈક સ્વામીજીએ આ ચિઠ્ઠી આપી છે.'' ભગવાન પાસે એ ચિઠ્ઠી આવી છે. ચિઠ્ઠીમાં શું હશે ? આ ચિઠ્ઠી આપણા સત્સંગ સમાજમાં બહુ જાણીતી છે. સંતો-ભક્તો બધા ચિઠ્ઠીથી બહુ પરિચિત છે. આ ચિઠ્ઠીમાં કોઈ અદ્‌ભુત સમર્પણ છે, શરણાગતિ છે. સૌથી પહેલા સ્વામી સંબોધન કરે છે.

**સુણો ચતુર સુજાણ, એમ ન ઘટે રે તમને દીનાનાથજી.**

મારા પ્રાણના આધાર, જેમ રાખો તેમ રહીએ વચનને સાથજી. અહીં આગળ હે પ્રભુ, હે પરમાત્મા કે હે ઈષ્ટદેવ એવું ન કહ્યું, ''સુણો ચતુર સુજાણ'' કોઈ માણસને સમજાવવો હોય ત્યાર આપણે કહીએ છીએ, તમે તો બહુ ડાહ્યા છો, સમજુ છો, વિવેકી છો. સ્વામી ભગવાનને કહે છે, ''સુણો ચતુર સુજાણ'' તમે સારામાં સારા સુજાણ, જાણકાર છો. ચતુર એટલે બુધ્ધિવાળા છો. તમને આ શોભે ? ''એમ ન ઘટે રે તમને દીનાનાથજી '' તમારૂં નામ છે દીનાનાથ. દીન દુઃખીયાના તમે નાથ છો.

અને હે પ્રભુ ! ''મારા પ્રાણના આધાર.'' માણસને જ્યારે ફેંફસા અનિયમિત થાય ત્યારે ઓક્સિજન ચડાવાય. એમ હે નાથ ! હે દીનાનાથ ! તમે અમારો ઓક્સિજન છો. ''પ્રાણના આધાર'' જો તમે ન હો તો આ પ્રાણ ન હોય એને કહેવાય પ્રાણના આધાર. ''જેમ રાખો તેમ રહીએ વચનને સાથજી'' અમારે બીજો કોઈ વાંધો નથી, કોઈ વિરોધ નથી. આપનું વચન પાળવું એ તો અમારૂં જીવન છે, અમારૂં કર્તવ્ય છે અને એ કર્તવ્ય અમે નિભાવીએ છીએ.

**અમે તમ કારણ સહ્યા મેણા, નાથ નિરખવાને સુણવા વેણા**

**અમે તૃપ્ત નવ કીધા નેણાં.... સુણો ચતુર સુજાણ**

સમાજમાં ગામોગામ ફરીએ છીએ ત્યાં અમારૂં અપમાન થાય છે, અરે એવા શબ્દો કહે છે કે ન પૂછો વાત પણ એ બધાં જ મહેણાં, એ બધાં જ ટોણાં અમે ખુશ થઈને તમને રાજી રાખવા એટલા માટે સહન કરીએ છીએ. અમારો એક જ ઈરાદો, અમારે તો ''નાથ નિરખવાને સુણવા વેણાં'' આ આંખેથી મારા નાથને જોવા છે અને એમના વચનો સાંભળવા છે. પણ ''અમે તૃપ્ત નવ કીધા નેણાં'' હજી તો હું સાધુ થયો ને થોડા વર્ષ થયા, અને આ દુષ્કાળ આવ્યો. શાનો દુષ્કાળ ? દર્શનનો દુષ્કાળ.

**અમે લોક લાજ કુળની લોપી, અમે કહેવાયા ગીરધરની ગોપી**

**અમે તમ કારણ પહેરી ટોપી.... સુણો ચતુર સુજાણ**

તમે જેમ કહ્યું તેમ કર્યું. કંતાન પહેરાવ્યાં તો કંતાનના ટુકડા લપેટીને સમાજમાં ફરતા. બધા માણસો શું મશ્કરી કરે પણ ના એ બધી લોકલાજ ફેંકી દીધી. અમે જગત ભલે મશ્કરી કરે, જે બોલવું હોય એમ બોલે અમારે માટે તો સમાજનો એક જ શબ્દ બહુ મીઠો લાગતો હતો. ક્યો શબ્દ ? ''કહેવાયા ગીરધરની ગોપી'' જોયું પેલા સ્વામિનારાયણના સાધુ જાય છે. બસ અમને એ શબ્દો અમૃત જેવા લાગતા. કોના સાધુ ? સ્વામિનારાયણના સાધુ છીએ. ''અમે તમ કારણ પહેરી ટોપી'' આ એક શબ્દપ્રયોગ છે. અમે તમારી આગળ સમર્પણ થઈ ચૂક્યા, અમારૂં સર્વસ્વ અમે લુંટાવી દીધું. બાહ્ય સંપત્તિનો તો ત્યાગ કરી દીધો પણ અમારો અહમ્, હું જ્ઞાની છું, હું ડાહ્યો છું, હું ભણેલો છું. આ બધુ મુકી દીધું. ટોપી પહેરી લીધી તમારા નામની.

**પહેલી પ્રીત કરી શીદને આગે, દૂધ દેખાડીને માર્યા ડાંગે**

**પછી તેને તે કેવું વસમું લાગે... સુણો ચતુર સુજાણ**

હે મહારાજ ! તમે ચતુર સુજાણ છો. અમારી આ સ્થિતિને તમે જુઓ તો ખરા. જો તમારી આવી જ ઈચ્છા હતી કે આ બધા તો દૂર જ સારા તો પછી પહેલા વિચાર કરવો હતો. શા માટે સ્નેહ બાંધ્યો ? આવકાર આપ્યો, બધાને પ્રેમથી બોલાવ્યા. ''પહેલી પ્રીત કરી શીદને આગે.'' પહેલાં શા માટે સ્નેહ બાંધ્યો ? તમે તો એવું કપટ કર્યું એવી છેતરપીંડી કરી. કોઈ તરસ્યો, ભૂખ્યો માણસ હોય, હા લે આ તપેલીમાં દૂધ છે, લે આ દૂધ આપું. આવ. પેલો ભૂખ્યો તો હતો દૂધ પીવા આવ્યો. જ્યાં દૂધનો કટોરો હાથમાં ઝાલે ત્યાં લાકડી ફટકારી. એ કેવું કહેવાય ! એ ભૂખ્યાં હતાં એટલે કે ભગવાનની ભૂખ, અમને પરમાત્માના ચરણની ભૂખ હતી, દર્શનની ભૂખ હતી, સાથે રહેવાની ભૂખ હતી એટલ તો અમે આવ્યા. પછી તેને તે કેવું વસમુ લાગે ! સ્વામી કહે છે, પહેલું આ સ્વરૂપ તમે બતાવ્યું, આ દિવ્ય દર્શન, સાનિધ્યનું સુખ આપ્યું. અમે બધા આવ્યા અને હવે તમે આ લાકડીએ ફટકારો છો એટલે કે દર્શનની મનાઈ કરો છો. અમારા હૈયામાં કેવું દુઃખ હશે ! કોને કહેવા જઈએ ? ક્યાં ફરિયાદ કરીએ ?

**કાંઈ દયા આવે તો દર્શન દેજો, નહી તો અખંડ અંતરમાં રહેજો**

**એમ શ્રીરંગના સ્વામીને કહેજો.... સુણો ચતુર સુજાણ**

અમને અનુભવ છે તમે દયાળુ છો જ છતાં અમારૂં કોઈ પરિબળ તમારી આગળ ચાલે એવું નથી, ચલાવવા ઈચ્છતાય નથી, અમારે કોઈ દલીલો કરવી પણ નથી. અમે શરણે આવેલા છીએ. અમે તમારે તાળે છીએ. અમારી કોઈ ફરિયાદ ચાલે એમ નથી. પણ એક વાત ધ્યાનમાં રાખજો. તમને એમ હોય કે સંતોની આ વાત સાચી છે તો બોલાવજો અને દર્શન આપજો. નહી તો કંઈ નહી, હૃદયમાં બેસી રહેજો. આગળ કંઈ કહેવું નથી. ''એમ શ્રીરંગના સ્વામીને કહેજો. સુણો ચતુર સુજાણ.''

આ સંદેશો, સદ્‌ભાવની ચિઠ્ઠી લાવનાર એ છોકરાને શ્રીજી મહારાજ તરત જ કહે છે, જલ્દી જા, એ સંતને અહીં મોકલ અને બીજા જે સાધુ હોય એ સૌને મોકલજે. અને એ બાળક સ્વામી પાસે જઈ હાથ જોડે છે. પછી મહારાજ નો સંદેશો સ્વામીને સંભળાવ્યો. તમને બધાને જવાનું કહ્યું છે. સ્વામીએ હાથ ઉંચો કર્યો. કેટલાય સંતો ત્યાં વાડીમાં બેઠેલા, બધા જ મહારાજની પાસે જવા માટે દોડ્યા છે. દોટ મુકી, ધીમે ધીમે નહીં. એકદમ દોડ્યા. ભૂખ્યા માણસને જેમ જમવાનું મળે ને દોડે, તરસ્યો માણસ જેમ પાણી ભાળીને દોટ મુકે એ રીતે આ સંતો બધા દોડ્યા છે. આ સત્પુરુષો દોડતાં દોડતાં ગઢપુરમાં આવી પહોંચ્યા. સ્વામિનારાયણ ભગવાનના દર્શન થતાંની સાથે જ દંડવત્ કરવા લાગ્યા. શ્રીજીમહારાજ ઉભા થઈ એક એક સંતને બાથમાં લઈને ભેટવા માંડ્યા. સંતો તમે તો મારૂં જીવન છો, તમે મારૂં સર્વસ્વ છો, તમે મારી સંપત્તિ છો, તમે મારૂં હૃદય છો, તમે મારા આત્મા છો. સ્વામિનારાયણ ભગવાને સંતોને પોતાની પાસે રાખ્યા. સંતોને હૈયામાં જાણે કે જીવ આવ્યો. બધાને આનંદ આનંદ થઈ ગયો.

મિત્રો ! બ્રહ્માનંદ સ્વામી રચિત આ કીર્તનમાં હૃદયનો સાચો પુકાર છે. આપણે પણ આ રીતે જો ભગવાનને પ્રાર્થના કરીશું તો જરૂરથી ભગવાન સાંભળશે. આપણા મનોરથો પુરા કરશે.

●

**બુધ્ધિની પરીક્ષા**

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં પરીક્ષા એ બહુ અનિવાર્ય પરિબળ છે. નાનું બાળક પણ જેમ જેમ પરીક્ષા આપી તેમાં ઉત્તિર્ણ થતું જાય તેમ તેમ એક એક પગથીયું ઉપર ચઢે છે. અભ્યાસકાળ પૂર્ણ થતાં અભ્યાસને લગતી પરીક્ષાઓ તો પૂર્ણ થઈ જાય છે. પણ ખરી કસોટી શરૂ થાય છે. અભ્યાસ વખતની પરીક્ષાઓ તો ચોક્કસ સમયે કાર્યક્રમ મુજબ આવે, જેની અગાઉથી જાણ પણ થતી હોય છે. પણ જીવન કસોટી તો ક્યારે કેવી રીતે આવે તેની કોઈ પૂર્વજાણકારી હોતી નથી. પણ આ પરીક્ષામાં જે મૂળ સ્વભાવ હોય તે તરત જ જણાઈ આવે છે. દરેક માણસમાં કંઈને કંઈ ખૂબી હોય જ છે તે ખૂબીને ઓળખીને તે પ્રમાણે જે તે વ્યક્તિને તે કાર્યની સોંપણી કરવામાં આવે તો સારૂ પરિણામ પ્રાપ્ત કરી શકાય છે. આજે આપણે એવી જ એક વાત વાંચીશું.

બારે માસ પાણીનો ખળખળ મધુર અવાજ આવતો હોય, સુંદર સાનુકુળ વાતાવરણ હોય તેવા એક ગામમાં ખૂબ જ સુખ અને શાંતિથી લોકો વસવાટ કરતા હતા. પાણીનું સુખ હોવાથી ખેતીવાડી અને સારા વેપારને લીધે સૌ ગ્રામ્યજનો ખૂબ જ સુખી હતા. આવા સુખી સંપન્ન ગામની મધ્યમાં જાણે કોઈ રાજાનો મહેલ હોય તેવી સાત માળની મોટી હવેલી હતી. આ હવેલીમાં ગામમાં આગેવાન ગણાતા શેઠ રહેતા હતા. ફક્ત સંપત્તિથી જ નહી પણ ગુણની બાબતમાં પણ આ શેઠ આગેવાન હતા. તેમના ગુણોની ચારેબાજુ પ્રશંસા થતી હતી.

સમય તેનું કાર્ય ખૂબ જ સચોટતાથી કરતો જ રહે છે. આ શેઠના ત્રણ પુત્રો ધીમેધીમે મોટા થયા. પતિ-પત્ની બંનેએ આટલી વ્યસ્તતામાં પણ બાળકો સંસ્કારી બને તેના માટે અથાગ પ્રયત્નો કરેલા હતા જે આ યુવાનીએ પહોંચેલા દીકરાઓમાં સ્પષ્ટપણે જોઈ શકાતા હતા. આ સદ્‌ગુણી દીકરાઓ પિતાજીને તેમના વેપાર-ધંધા, ખેતીવાડીમાં સાથ આપવા લાગ્યા. ત્રણે પુત્રોના સદ્‌ગુણી કન્યાઓ સાથે લગ્ન થયાં. શેઠનો ભાર તો દીકરાઓએ ઉપાડી જ લીધો હતો અને હવે શેઠાણી પણ પોતાના ઉપરનો ઘર સંભાળનો બીજો ઓછો કરવા માંગતાં હતા. પણ તેમણે કામ સોંપણી કરતા પહેલા ત્રણે પુત્રવધુઓની પરીક્ષા કરવાનું વિચાર્યું. તેમણે ત્રણે પુત્રવધુઓને પાસે બોલાવીને મુઠ્ઠી મુઠ્ઠી અનાજ આપ્યું. પછી કહ્યું કે આ મુઠ્ઠી અનાજ બે વર્ષ પછી હું પાછું માગું ત્યારે આપજો. ત્રણે ને કાંઈ સમજાયું તો નહી પણ લઈ લીધું.

ત્રણે પુત્રવધુઓએ પોતપોતાની રીતે વિચાર કરી તે મુજબ અમલ કર્યો. મોટી પુત્રવધુએ વિચાર કર્યો. આ મુઠ્ઠી અનાજને સાચવવાની જરૂર ક્યાં છે ? આપણે ત્યાં તો અનાજના કોઠારો ભર્યા છે. અત્યારે તો આ દાણા હું ચકલાંને નાંખી દઉં. જ્યારે સાસુમા માંગશે ત્યારે કોઠારમાંથી ભરીને આપી દઈશ. તેણે તે પ્રમાણે અમલ પણ કરી દીધો.

બીજી પુત્રવધુએ વિચાર્યું, સાસુમા એ આ સાચવવાનું કહ્યું છે વ્યવસ્થિત સાચવીને રાખું. તેણે કોઈ હિરા, ઝવેરાત સાચવતી હોય તેમ આ મુઠ્ઠી દાણા દાબલીમાં મુકી પોતાની પેટીમાં સાચવીને મુકી દીધા. ત્રીજી પુત્રવધુએ વિચાર કર્યો કે સાસુમાએ સાચવવાનું કહ્યું છે. આ તો અનાજ છે, પડી રહે તેના કરતાં કાંઈક ઉપયોગ થાય તો સારૂં. આ વિચારનો અમલ કરવા તેણે ખેતરના એક ભાગમાં આ મુઠ્ઠી અનાજ વવરાવી દીધું. છ મહિનામાં આ મુઠ્ઠી અનાજ પાંચ કિલો જેટલું થયું. ફરી વવરાવ્યું. આમ બે વરસમાં તો મુઠ્ઠી અનાજમાંથી ગાડું ભરાય તટેલું અનાજ થયું.

બે વરસ થતાં શેઠાણીએ ત્રણે પુત્રવધુને બોલાવી અને બે વરસ પહેલાં આપેલું મુઠ્ઠી અનાજ પાછું માંગ્યું. ઉતાવળે ઉત્સકુતામાં આવતા મોટી પુત્રવધુ કોઠારમાંથી અનાજ લાવવું ભૂલી ગયેલી તેથી તેણે કહ્યું કે મેં તો એ અનાજ ચકલાંને નાંખી દીધેલુ ને અત્યારે બીજું લાવવું ભૂલી ગઈ છું. બીજી પુત્રવધુ પાસે માંગતા તેણે પેલી દાબલી ખોલીને ખૂબજ કાળજીથી સાચવી રાખેલા અનાજના દાણા શેઠાણીના હાથમાં સોંપ્યા.

હવે ત્રીજી પુત્રવધુનો વારો આવ્યો. તેણે કહ્યું, હમણાં લાવું. ત્યારે શેઠાણી બોલ્યાં, મુઠ્ઠી અનાજ સાથે ન લવાય ? પણ કાંઈ બોલી નહી. ત્યાં તો ગાડું ભરીને અનાજ આવ્યું. શેઠાણી પેલા ગાડાવાળાને કહેવા લાગ્યા કે અમે તો અનાજ મંગાવ્યું નથી ! આ અત્યારે કેમ લાવ્યા ? ત્યાં તો નાની પુત્રવધુ બોલી, બા ! એ તો તમે આપેલું તે જ અનાજ મેં વવરાવી દીધું હતું. તેમાંથી આટલું અનાજ થયું છે.

શેઠાણી ખૂબ ખુશ થયા. નાની વહુને ઘરના ભંડારની તથા અગત્યની બીજી ચાવીઓ સોંપી. બીજી બે પુત્રવધુને તો થયું કે આ નાની અમારાથી ચઢી ગઈ. ત્યાં તો તરત જ સાસુમા બોલ્યાં. તમે બે પણ હોંશિયાર છો. તમારા ગુણ મુજબ તમાર માટે પણ જવાબદારી તૈયાર છે. વચલી વહુને કહ્યું, તમારામાં સાચવવાની આવડત છે. તેથી ઝરઝવેરાતની ચાવી તમને સોંપુ છું. તે તમારે સાચવવાનું છે. મોટી પુત્રવધુને ઉત્સકુતા વધી ગઈ. આ બંનેને જવાબદારી સોંપાઈ ગઈ હવે મને શું સોંપાશે ? ત્યાં તો સાસુમાં બોલ્યા. મોટી વહુ ! તમારે આ બંને થી પણ એ સારૂં કામ કરવું પડશે અને તે છે ધર્મનું કામ. તમે દાન પુણ્ય કરી શકશો. માટે કથા-વાર્તા કરાવવી, સાધુ બ્રાહ્મણ જમાડવા. આ બધા આયોજનોનો વિચાર અને અમલ કરવો તે તમારી જવાબદારી છે.

શેઠાણીના આ બુધ્ધિભર્યા કામ સોંપણીના કાર્યથી ત્રણે પુત્રવધુઓના આનંદના પાર ન રહ્યો. ત્રણેને તેમની આવડતની ચકાસણી પછી કામ સોંપ્યા તેથી કોઈ પણ પ્રકારના મનદુઃખ વગર કાર્યસોંપણી થઈ અને સાસુમા પોતાની જવાબદારી સોંપી દીધા પછી પણ ત્રણે પુત્રવધુઓના આદરને પાત્ર બની રહ્યા.

મિત્રો ! આ વાત પરથી એ સ્પષ્ટ થાય છે કે દરેક માણસમાં ભગવાને જુદી જુદી બુધ્ધિ મુકેલી હોય જ છે. કોની શું આવડત છે તે જોઈ, જાણીને પછી જે તે વ્યક્તિને કામ સોંપવામાં આવે તો તે કામમાં સારી સફળતા મળે છે.

તેથી જ આપણા ઈષ્ટદેવે શિક્ષાપત્રીમાં છાસઠમાં શ્લોકમાં આજ્ઞા કરી છે કે - ''જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો.''